# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તાઃ ૨૯–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં એનઆરજી સેન્ટરનો શુભારંભ

સુરતઃ ગુજરાત સ્ટેટ એનઆરજી ફાઉન્ડેશન તથા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના સંયુકત ઉપક્રમે સધર્ન ગુજરાત એનઆરજી સેન્ટરનો શુભારંભ સમારોહ **રવિવાર,તા.૨૯/૦૮/૧૦**ના રોજ **સાંજે ૦૫.૦૦** કલાકે **સમૃધ્ધિ,નાનપુરા**માં યોજાયો હતો.
આ સમારંભના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ,ટુરિઝમ,ધાર્મિક સ્થાનો અને યાત્રા સ્થળોના વિકાસ અનેએનઆરજી તથા એનજીઓ વિભાગના મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે સ્વાગત પ્રવચનમાં ચેમ્બર પ્રમુખ ડો.અજોય ભટ્ટાચાર્યએ કહયું હતું કે,દક્ષિણ ગુજરાતના ઘણાં લોકો વિદેશમાં સ્થાયી થયા છે.અહીં તેમની આવન જાવન ચાલતી રહે છે.વિદેશ પ્રવાસ દરમિયાન એવું જાણવા મળે છે કે,તેમને માટે ઘણી બધી માહિતીઓ આપી શકે તેવા કેન્દ્રની જરૂર છે.જે આ કેન્દ્રની શરૂઆતથી પૂર્ણ થઈ શકશે.આ કેન્દ્ર સ્વનિર્ભર બને એવી અમારી ઈચ્છા છે.આ કૈન્દ્ર માહિતીના આદાનપ્રદાનમાં મહત્વનું પુરવાર થઈ શકશે.

માનનીય પ્રવાસન અને આરોગ્યમંત્રીશ્રી જયનારાયણ વ્યાસના વરદ હસ્તે સધર્ન ગુજરાત એનઆરજી સેન્ટરનો વિધિવત આરંભ થયા બાદ એના પ્રતિકરૂપે કાર્યક્રમનો આરંભ દિપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો જેમાં માનનીયમંત્રીશ્રી સાથે ઉપસ્થિત મહાનુભાવો પણ જોડાયા હતા.સધર્ન ગુજરાત એનઆરજી સેન્ટરની વેબસાઈટ wwwsgccinrgcentre.com ને પણ માનનીય મંત્રીશ્રીના વરદ હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી.

માનનીય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે તેમના વકતવ્યમાં કહયું હતું કે,ગુજરાતી મૂળભૂત રીતે વિશ્વ પ્રવાસી છે.આજે જે સેન્ટરનો શુભારંભ થયો છે એ માત્ર વિદેશમાં વસનારા ગુજરાતીઓ માટે નથી પરંતું ગુજરાતની બહાર એટલે કે અન્ય રાજયમાં વસનારા ગુજરાતીઓ માટે પણ છે.આ સેન્ટર આપણે એનઆરજી કે એનઆરઆઈના લાભાર્થે નથી શરૂ કર્યુ પણ એમાં આપણો પણ એક આશય રહેલો છે.આ સેન્ટરથી આપણને પણ લાભ થવાનો છે.વિદેશ કે અન્ય રાજયમાં વસનારા આપણા ભાઈઓ જે રીતે પ્રગતિ કરે છે એનો લાભ આપણને પણ મળી શકશે અને જયારે કોઈ એવા સંજોગો સર્જાય કે આપણા એ ભાઈઓને આપણી જરૂર પડે ત્યારે આપણે તેમને મદદરૂપ થઈ શકીશુ.તેમણે કહયું હતું કે,વિદેશમાં ગુજરાતીઓ પોતાની મહેનત અને સાહસથી આગળ વધે છૈ પરંતું ત્યાના સ્થાનિક લોકોમાં એ ઈર્ષાનું કારણ બને છે અને પરીણામે કયારેક તેમણે સહન કરવું પડે છે એવા સમયે જો તેમના મૂળ વતન સાથે જોડાયેલા હશે તો તેમને તકલીફ નહીં પડે.એટલે આ સેન્ટરનો આશય ધ્વિપક્ષીય સંબંધો કેળવી તેને ટકાવી રાખીને વધુ સમૃઘ્ધ કરવાનો છે.આ એક એવું સબળ માઘ્યમ પુરવાર થઈ શકશે જે વૈશ્વિક સ્તરે ગુજરાતીઓના પ્રભાવમાં વધારો કરી શકે.
તેમણે ઉપસ્થિત વિવિધ સમાજના લોકોએ આ સેન્ટર વિશે પુછેલા પ્રશ્નોના વિગતવાર અને સંતોષકારક ઉત્તરો આપયા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ સમાપન વકતવ્ય સાથે આભાવિધિ આટોપી હતી.